અપીલ અરજી નં.૫૬ તા.૨–૬–૦૯ /૧૦

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, લીંબાયત ઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧–૫–૦૯ ની અરજીથી ગ્રાઉન્ડ ફલોર, મેઝેનાઈન લે– આઉટ મંજુર થયેલ સિધ્ધિ વિનાયક સોસા, વિભાગ–૧,૨ ઉમરવાડામાં હાલ કેટલા બાંધકામો મંજુર પ્લાન વિરુધ્ધ તૈયાર થયેલા જોવા મળી રહયા છે? આ પૈકી કેટલા બાંધકામ ધારકોને આપના વિભાગે અત્યાર સુધીમાં બાંધકામો અટકાવવા અંગેની નોટીસો આપેલ છે તથા નોટીસો આપ્યા બાદ કેટલા ગેરકાયદેસર બાંધકામોનું ડીમોલીશન કરેલ છે તેવા બાંધકામ ધારકોના નામ પ્લોટ નંબર તથા ડીમોલીશન તારીખ સહિતની વિગતવાર માહિતી , ગેરકયદેસર બાંધકામ વિરુધ્ધ ડીમોલીશન અંગેની કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જો ન કરી હોય તો કયા કારણોસર આ કાર્યવાહી કરવામાં આવી નથી , આ બાંધકામો પૈકી કેટલા બાંધકામોની આકારણી કરેલી છે અને કઈ તારીખે? અને પાણી તેમજ ડ્રેનેજના કનેકશનો આપેલા છે કે કેમ? જો આપ્યા હોય તો કઈ કયા અધિકારીના આદેશથી તેની નકલ વિગરે માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૫૬/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧–૫–૦૯ ની અરજીથી ગ્રાઉન્ડ ફલોર, મેઝેનાઈન લે– આઉટ મંજુર થયેલ સિધ્ધિ વિનાયક સોસા, વિભાગ–૧,૨ ઉમરવાડામાં હાલ કેટલા બાંધકામો મંજુર પ્લાન વિરુધ્ધ તૈયાર થયેલા જોવા મળી રહયા છે? આ પૈકી કેટલા બાંધકામ ધારકોને આપના વિભાગે અત્યાર સુધીમાં બાંધકામો અટકાવવા અંગેની નોટીસો આપેલ છે તથા નોટીસો આપ્યા બાદ કેટલા ગેરકાયદેસર બાંધકામોનું ડીમોલીશન કરેલ છે તેવા બાંધકામ ધારકોના નામ પ્લોટ નંબર તથા ડીમોલીશન તારીખ સહિતની વિગતવાર માહિતી , ગેરકયદેસર બાંધકામ વિરુધ્ધ ડીમોલીશન અંગેની કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જો ન કરી હોય તો કયા કારણોસર આ કાર્યવાહી કરવામાં આવી નથી , આ બાંધકામો પૈકી કેટલા બાંધકામોની આકારણી કરેલી છે અને કઈ તારીખે? અને પાણી તેમજ ડ્રેનેજના કનેકશનો આપેલા છે કે કેમ? જો આપ્યા હોય તો કઈ કયા અધિકારીના આદેશથી તેની નકલ વિગરે માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાથી એપેલેટ ઓફિસરને તા.૨–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૩ તા.૯–૬–૦૯થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ. ૮૭૩ તા.૨૨–૬–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પુરક વિગતો પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૨૩ તા.૨૬–૫–૦૯ થી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૮૪ તા.૨૧–૪–૦૯ ના બિડાણ સહિત માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જે અનુસાર અરજદારને મુદ્દા નં.૧ અંગે કેટલા બાંધકામો મંજુર પ્લાન વિરુધ્ધ તૈયાર થયેલા જોવા મળી રહયા છે તે અંગે સંલગ્ન રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાની, મુદ્દા નં.૨ અંગે અરજદારને સા.ઈ.ઝોન/મહેકમ/ ૧૮૪ તા. ૨૧–૪–૦૯ ના પત્રની નકલ આપેલ છે. જેમાં મુદ્દા નં.૪ માં માંગેલ માહિતીનો સમાવેશ થતો હોવાનું જણાય છે. જયારે મુદ્દા નં.૩ અંગે ડીમોલીશન નહીં કરવા બાબતે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું તથા મુદ્દા નં.૪ અંગે ડ્રેનેજ તથા પાણીના કનેકશન આપેલ નહીં હોવાનું તથા તેમાં નિર્દીષ્ટ ક્રમ ૧ થી ૪૨ માટે આકારણી દાખલ તારીખની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ હોવાનું જણાય છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં માહિતી પુરી પાડયાનું જણાય છે. અરજદારનીજ આજ બાબતની તા.૮–૬–૦૯ ની પુનઃ અરજી અપીલ અરજી પરથી પણ એ બાબત સ્પષ્ટ થાય છે. જેમાં અરજદારે એવી રજુઆત કરેલ છે કે આકારણી થઈ ગઈ હોવા છતાં મંજુર પ્લાનના બાંધકામો રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જેથી તે વિરોધાભાસી હોવાની અરજદારની રજુઆત આ તબકકે જણાય છે.

આજ મુદ્દા બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મોકલેલ પૂરક માહિતીમાં એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર ધ્વારા જણાવેલ છે કે મ્યુ. કરવેરાના હેતુ માટે ઉપલબ્ધ પૂરાવા, સ્થળ તપાસ દરમ્યાન મળેલી માહિતી તેમજ હયાત મિલ્કતના બાંધકામના એરીયાને ધ્યાને લઈ આકારણી માટે દાખલ કરવામાં આવે છે. આમ કરવેરાના હેતુ માટે આકારણી દાખલ કરવાની કાર્યવાહી અને મિલ્કતના બાંધકામ મંજુરીની કાર્યવાહી અલગ જોગવાઈ હેઠળ થાય પરંતુ આ બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સૂચિત કરવામાં આવેલ હોવાનું જણાતુ નથી.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ મુદ્દા નં.૧ અને ૩ ના પ્રત્ત્યુત્તરોની જો તા.૨૧–૪–૦૯ ના તેમના પત્ર સાથે તુલના કરવામાં આવે તો તા.૨૧–૪–૦૯ ના રોજ સંલગ્ન મિલકતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે ૮ નોટીસ આપેલ હોવાનું જણાવેલ છે. જયારે તા.૨૬–૫–૦૯ ના રોજ આપેલ માહિતિમાં રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે તે સ્વયં તેટલે અંશે વિરોધાભાસી છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ તથા ૩ ડીમોલીશન ન કરવા અંગેના કારણોની માહિતી બાબતે અરજદારને લાગત દફતરની તપાસણી પૂરી પાડી અરજદાર ઈચ્છે તો માત્ર તેટલા ભાગ પૂરતી જ દફતરી નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,લીંબાયત ઝોન...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ